# બેંક હડતાળથી આર્થિક વ્યવહારો ઠપ

નવીદિલ્હી,તા. ૧૨

બેંક કર્મચારીઓની હડતાળના પરિણામ સ્વરુપે બેંકિંગ સેવા આજે સંપૂર્ણપણે ઠપ થઇ ગઇ હતી. બેંકિંગ ઓપરેશન ખોરવાઈ ગયું હતું. આશરે ૧૦ લાખ જેટલા બેંક કર્મચારીઓ તેમની જુદી જુદી માંગણીઓને લઇને હડતાળ ઉપર ઉતરી ગયા હતા. પગાર સુધારા સહિતની તેમની માંગણી રહી છે. પોલ ઇન્ડિયા બેંક એમ્પ્લોઇઝ એસોસીએશનના ઉપપ્રમુખ વિશ્વાસ ઉત્તેગીએ માહિતી આપતા કહ્યું હતું કે, ૨૭ જાહેર ક્ષેત્રની બેંકોની ૭૫૦૦૦ શાખાઓ, ૧૮ ખાનગી અને આઠ વિદેશી બેંકોની ૨૫૦૦૦ શાખાઓમાં આ હડતાળ પડી હતી. દેશભરમાં બેંકિંગ સાથે સંબંધિત કોઇપણ પ્રવૃત્તિ હાથ ધરી શકાય ન હતી જેમાં ક્લિયરિંગ હાઉસ સંબંધિત ઓપરેશનનો સમાવેશ થાય છે. અન્ય તમામ સેક્ટરો પણ પ્રત્યક્ષ અથવા પરોક્ષારીતે બેંકિંગ પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે જેથી તેમની સેવા પણ ખોરવાયેલી રહી હતી. યુનાઇટેડ ફોરમ ઓફ બેંકિંગ






યુનિયનના કન્વીનર ઉત્તેગીએ કહ્યું હતુ કે, આશરે ૧૦ કરોડ ચેક ક્લિયર થઇ શક્યા નહતા. સાથે સાથે એક દિવસની હડતાળના પરિણામ સ્વરુપે પાંચ દિવસ સુધી પ્રવૃત્તિ ઠપ રહે તેવી શક્યતા છે. આ વર્ષે મે મહિનામાં એનડીએ-૨એ સત્તા સંભાળી લીધા બાદ આ પ્રથમ હડતાળ હતી. અગાઉ બેંકિંગ ઇન્ડસ્ટ્રીના કર્મચારીઓએ ૧૦-૧૧મી ફેબ્રુઆરીના દિવસે બે દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળ પાડી હતી. એટીએમ પણ આજે ખાલી થઇ ગયા હતા. ગુરુવારે પણ આની અસર જોવા મળે તેવી શક્યતા છે. એકલા મહારાષ્ટ્રમાં પણ મોટી સંખ્યામાં બેંકિંગ પ્રવૃત્તિ રહેલી છે. બેંક કર્મચારીઓ દ્વારા જુદી જુદી માંગણી કરવામાં આવી રહી છે જેમાં પે સ્કેલમાં તાત્કાલિક સુધારો કરવા બેંકિંગ સેકટરમાં સૂચિત સુધારાઓનો વિરોધનો સમાવેશ થાય છે.

બેંકિંગ પ્રવૃત્તિ ઠપ થતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. આંકડાઓ ઉપર વાત કરવામાં આવે તો ભારતીય બેંકિંગ ઇન્ડસ્ટ્રીમાં ટોટલ વોલ્યુમ ૧૫૫ લાખ કરોડનો છે જે એક દિવસની હડતાળના કારણે સંપૂર્ણપણે ખોરવાઈ પડ્યો હતો. કુલ બેંકિંગ કર્મચારીઓના સંખ્યાબળ પૈકી મહારાષ્ટ્રમાં પણ મોટો આંકડો છે.

## મહારાષ્ટ્રમાં ફડનવીસે વિશ્વાસ મત જીત્યો

મુંબઈ,તા. ૧૨

દેવેન્દ્ર ફડનવીસના નેતૃત્વમાં ૧૩ દિવસ જુની ભાજપ સરકારે ભારે સસ્પેન્સની સ્થિતિ વચ્ચે મૌખિક મતથી મહારાષ્ટ્ર વિધાનસભામાં વિશ્વાસમત જીતી લીધો હતો. શિવસેનાના જોરદાર વિરોધ વચ્ચે વિશ્વાસમત જીતી લેવામાં સફળતા મેળવી હતી. ધારાસભ્ય આશીષ સૈલાર દ્વારા રજૂ કરવામાં આવેલી ભાજપ સરકારમાં વિશ્વાસમતની માંગ કરતી દરખાસ્ત અંતે પસાર થઈ ગઈ હતી. શિવસેનાના ધારાસભ્યોએ વચ્ચોવચ આવીને મતોના વિભાજનની માંગણી કરી હતી. કોંગ્રેસ અને શિવસેનાએ જોરદાર વિરોધ કર્યો હતો. ભાજપે એક રણનીતિ હેઠળ વિશ્વાસમતમાં મતવિભાજનના બદલે ધ્વનિમતની મદદ લીધી હતી જેના કારણે ભાજપે એનસીપીનો ટેકો પણ લીધો હતો. વિશ્વાસમત બાદ એનસીપીના નેતાએ કહ્યું હતું કે, સરકારની તરફેણમાં મત કર્યા છે કે, વિરોધમાં તે અંગે માહિતી આપવાનો એનસીપીએ ઈન્કાર કર્યો હતો. એનસીપીના ટેકાવગર ભાજપની સરકાર બનવાની સ્થિતિ ન હતી. કારણ કે બહુમતિ માટે જરૂરી ધારાસભ્યો તેની પાસે ન હતા. ભાજપ એનસીપીના સમર્થન તે લેવા માંગે છે તે બાબત સાબિત કરવા ઈચ્છુક ન હતી. વિધાનસભા અધ્યક્ષ હરીભાઈ બાગડેએ મોડેથી જાહેરાત કરી હતી કે, વિશ્વાસમતની પ્રક્રિયા પુરી થઈ છે. ભાજપના ધારાસભ્ય આશીષ સેલારે બપોરે ૧૨.૩૦ વાગે વિશ્વાસમત રજૂ કર્યો હતો. વિધાનસભાના અધ્યક્ષ દ્વારા ધ્વનિમત મારફતે વિશ્વાસમત પસાર થવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ શિવસેના અને કોંગ્રેસના સભ્યોએ હોબાળો મચાવ્યો હતો. અગાઉ ગૃહની કાર્યવાહી શરૂ થવાની સાથે જ ધાંધલ ધમાલનો દોર શરૂ થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રમાં હાલમાં જ વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી જેમાં કોઈપણ પાર્ટીને સ્પષ્ટ બહુમતિ મળી ન હતી. સૌથી વધુ ભાજપને ૧૨૨ બેઠકો મળી હતી. જો કે, એક સભ્યનું મોત થયા બાદ હવે તેની સંખ્યા ૧૨૧ થઈ છે. ૪૧ સભ્યો ધરાવનાર એનસીપીની ભૂમિકા મહત્વપૂર્ણ રહી હતી.



દેવેન્દ્ર ફડનવીસ સરકારને ટકાવી રાખવામાં એનસીપીની ભૂમિકા મારફતે સફળ રહ્યા હતા. ૬૩ સભ્ય ધરાવનાર શિવસેના દ્વારા ભારે હોબાળો મચાવવામાં આવ્યો હોવા છતા તેને સફળતા મળી ન હતી. વિપક્ષમાં બેસવાની તૈયારીમાં છે જેથી એનસીપી દ્વારા સક્રિયપણે મતદાન અથવા તો ગેરહાજરી વચ્ચે ફડનવીસ સરકાર ટકી શકે છે.

## ધ્વનિ મતથી વિશ્વાસમત સામે કોંગી-શિવસેનાનો ઉગ્ર વિરોધ

મુંબઈ,તા. ૧૨

મહારાષ્ટ્ર વિધાનસભામાં દેવેન્દ્ર ફડનવીસ સરકારે ભારે હોબાળો અને વિરોધ વચ્ચે વિશ્વાસમત જીતી લેવામાં સફળતા મેળવી હતી. શિવસેના અને કોંગ્રેસના સભ્યોએ આની સામે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો. કોંગ્રેસ અને શિવસેના બંને પાર્ટીઓએ આક્ષેપ કર્યો હતો કે, વિશ્વાસમત ધ્વનિમતથી પસાર કરવામાં યોગ્ય પ્રક્રિયા પાળવામાં આવી નથી. આ બંને પાર્ટીઓએ રાજ્યપાલ સમક્ષ ફરિયાદ કરી હોવાની વાત પણ કરી છે. કોંગ્રેસે માંગ કરી છે કે, ભાજપ ફરીએકવાર વિશ્વાસમત હાંસલ કરે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવાણે કહ્યું હતું કે, મહારાષ્ટ્રના ઈતિહાસ માટે આ કાળો દિવસ છે. તેમના જણાવ્યા મુજબ ભાજપના ૪૦ ગડકરી સમર્થક ધારાસભ્ય ફડનવીસના સમર્થનમાં ન હતા. એકનાથ શિંદેએ આક્ષેપ કર્યો હતો કે, ફડનવીસ સરકાર દ્વારા વિશ્વાસમત જીતવાની બાબત ગેરબંધારણીય છે. શિવસેના સાથે સમજૂતિ નહીં હોવાના કારણે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ માટે વિશ્વાસમત મેળવવાને લઈને અનેક પ્રકારના પ્રશ્નો હતા. શિવસેનાએ પહેલાથી જ જાહેરાત કરી હતી કે તે વિરોધ કરશે. અલબત્ત એનસીપી કોઈપણ શરત વગર સાથ આપવા તૈયાર હતું. ગૃહમાં ભારે ધાંધલ ધમાલ થઈ હતી. વિધાનસભા ગૃહની બહાર ચવાણે કહ્યું હતું કે, સરકારે ફરીથી વિશ્વાસમત મેળવવો જોઈએ. વિભાજન દ્વારા ગૃહમાં બહુમતિ પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી સરકાર ગેરકાયદે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યપ્રમુખ માણેકરાવ ઠાકરેએ કહ્યું હતું કે, આ દરખાસ્ત પસાર કરવામાં આવી ન હતી. કારણ કે, મતોમાં વિભાજનની સ્થિતિ ન હતી.




લઘુમતિ સરકાર હોવાના કારણે સરકારની વિભાજન મારફતે દરખાસ્ત પસાર કરવાની ફરજ હતી. આશરે ૨૫ ધારાસભ્યો ઓછા હતા. અટલ બિહારી વાજપેયી સરકાર સંસદમાં એક મતના કારણે પડી ગઈ હતી. બહુમતિ દર્શાવવા માટે તમામ પ્રયાસ કરવામાં આવ્યા હતા. જ્યાં સુધી સરકારે વિશ્વાસમત હાંસલ ન કર્યો ત્યાં સુધી કોઈપણ કાર્યવાહીને મંજુરી અપાઈ ન હતી. ઠાકરેએ કહ્યું હતું કે, પક્ષના ધારાસભ્યો આ પ્રક્રિયાને બિલકુલ અયોગ્ય ગણે છે અને આનો વિરોધ પણ કરે છે. દેવેન્દ્ર ફડનવીસે વિશ્વાસમત જીતતા ભાજપને રાહત થઈ છે. એમએનએસના ઉમેદવારે ભાજપને ટેકો આપ્યો હતો. શિવસેનાના નેતાઓ રામદાસ કદમ અને દિવાકર રાવતે મુખ્યમંત્રીને શક્તિ પરીક્ષણ પહેલા મળ્યા હતા.

## છત્તિસગઢ નસબંધી : મોતનો આંકડો વધીને ૧૩

રાયપુર,તા. ૧૨

છત્તિસગઢના બિલાસપુર જિલ્લામાં જિલ્લા હોસ્પિટલ ખાતે આયોજિત સરકારી કેમ્પમાં નસબંધી માટે સર્જરી કરાવ્યા બાદ મૃત્યુ પામેલી મહિલાઓની સંખ્યા આજે વધીને ૧૩ ઉપર પહોંચી હતી. જ્યારે ગંભીર હાલતમાં રહેલી મહિલાઓની સંખ્યા ૪૭ નોંધાઈ હતી. આજે નસબંધીની સર્જરી કરાવ્યા બાદ જુદી જુદી ફરિયાદો પછી વધુ ૧૬ મહિલાઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. બીજી બાજુ છત્તીસગઢમાં આને લઈને હોબાળો મચી ગયો છે. ૧૬ મહિલાઓ પૈકી ૧૨ પેંડારાની મહિલાઓ છે જ્યારે ચાર મરવાહીની મહિલાઓ છે તેમને વિલાસપુર જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. દરમિયાન પોલીસે પણ તપાસ હાથ ધરી છે. વિરોધ પક્ષ કોંગ્રેસે નસબંધી બનાવની સામે જોરદાર વિરોધ નોંધાવીને રાજ્યવ્યાપી બંધની હાલકલ કરી છે. કોંગ્રેસે મુખ્યપ્રધાન રમણસિહ અને આરોગ્ય પ્રધાન અમર અગ્રવાલના રાજીનામાની જોરદાર માંગણી કરી છે.

કોંગ્રેસે કહ્યું છે કે ભુતકાળમાં બનેલી ઘટનામાંથી કોઈ બોધપાઠ લેવામાં આવ્યા નથી. દરમિયાન



રાજ્ય આરોગ્ય વિભાગે તપાસ કરવા માટે ત્રણ સભ્યોની પેનલની રચના કરી છે. બિલાસપુરના ચીફ મેડિકલ હેલ્થ ઓફિસરને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ બન્વા અંગે દુખ વ્યક્ત કરીને પુરતી તપાસ કરવા અને જવાબદાર સામે પગલા લેવાનો આદેશ કર્યો છે. આરોગ્ય વિભાગે મૃત્યુ પામેલી મહિલાના પરિવારને ।ચાર ચાર લાખ રૂપિયા અને તમામ દર્દીઓને ૫૦૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, બે મહિલાઓને શનિવારના દિવસે વિલાસપુર નજીક સકરી ગામમાં એક ખાનગી હોસ્પિટલમાં સ્થાપિત આરોગ્ય શિબિરમાં ઓપરેશન કરાવ્યું હતું. આ શિબિરમાં તખતપુર બ્લોક અને આસપાસના ગામોની ૮૩ મહિલાઓ દ્વારા નસબંધી કરાવવામાં આવી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, હાઈપોવોલુમિક શોક અથવા સેપ્ટિક બતાવવામાં આવ્યું છે. જિલ્લા વહીવટીતંત્રએ મામલામાં તપાસના આદેશ આપી દીધા છે. છ કલાકમાં જ ૮૬ ઓપરેશન કઈ રીતે કરવામાં આવ્યા હતા. બનાવથી રાજ્ય સરકાર હચમચી છે.કેટલીક નવી વિગત તપાસમાં ખુલી શકે છે.

## રેલવે આવકમાં ૧૨.૦૬ ટકાનો નોંધાયેલો વધારો

નવી દિલ્હી,તા. ૧૨

રેલવેની સ્થિતિને સુધારવા માટે બનતા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. હાલમાં જ રેલવે પ્રધાન તરીકેની જવાબદારી સુરેશ પ્રભુને પણ સોંપવામાં આવી છે. રેલવેના નવા પ્રોજેક્ટોને આગળ વધારવા માટે ઉત્સુક દેખાઈ રહ્યા છે. અહેવાલમાં જણાવાયું છે કે, એપ્રિલ-ઓક્ટોબર ૨૦૧૪ દરમિયાન ભારતીય રેલવેની કમાણી ૮૬૫૯૫.૪ કરોડ નોંધાઈ છે. જ્યારે ગયા વર્ષે આ જ ગાળામાં તેની કમાણી ૭૭૨૩૩.૮૮ કરોડ નોંધાઈ હતી. રેલવેની કમાણીમાં ૧૨.૦૬ ટકાનો વધારો થયો છે. આગામી સમયમાં રેલવેની આવકને વધારવા માટે વધુ પગલા લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. રેલવેની કમાણીને ઘણી ઉંચી સપાટીએ લઈ જવા માટે રેલવેના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટોને ઝડપથી વધારવામાં આવી રહ્યા છે સાથે-સાથે રેલવેની કમાણી વધે તે માટે યાત્રિઓને પ્રભાવિત કરવાના પગલા પણ લેવાઈ રહ્યા છે. યાત્રીલક્ષી ઘણા પગલા હાલમાં જાહેર કરાયા છે જેથી રેલવેની આવક ચોક્કસપણે વધી છે. મોદી સરકાર રેલવેને સૌથી વધુ મહત્વ આપવા ઈચ્છુક છે.

## અલ કાયદાના આતંકવાદીઓ ઇસ્લામિક સ્ટેટમાં જોડાયા છે

વોશિગ્ટન,તા. ૧૨

અમેરિકા સહિતના દેશોમાં અનેક હુમલા કરીને વિશ્વમાં ખળભળાટ મચાવી દેનાર ત્રાસવાદી સંગઠન અલ કાયદાના મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ હવે ઈસ્લામિક સ્ટેટમાં સામેલ થઈ રહ્યા છે. એક નવા અમેરિકી અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. વોશિગ્ટન પોસ્ટે પોતાના અહેવાલમાં એક અમેરિકી અધિકારીને ટાંકીને કહ્યું છે કે અલ કાયદા સાથે જોડાયેલા અનેક નાના મોટા ત્રાસવાદી સંગઠન હવે ઈસ્લામિક સંગઠન સાથે જોડાઈ રહ્યા છે. એક ગુપ્ત સુચનાના આધારે અધિકારીએ આ માહિતી આપી છે. જો ઈરાકમાં ત્રાસવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટની આગેકુચ જારી રહેશે તો સમસ્યા ગંભીર બની શકે છે. તેમા વધુ કેટલાક સંગઠન સામેલ થઈ શકે છે. જે તેને વધારે મજબુત બનાવશે. અમેરિકી અધિકારીએ કહ્યું છે કે અલ કાયદા છોડીને ઈસ્લામિક સ્ટેટમાં સામેલ થવાનો સિલસિલો છેલ્લા કેટલાક સપ્તાહમાં વધ્યો છે. અલ કાયદા ઉપરાંત લિબિયા અને અન્ય જગ્યાના બળવાખોરો પણ તેમાં સામેલ થઈ રહ્યા છે. ગયા મહિનામાં જ પાકિસ્તાનના તહેરીકે ખિલાફત સંગઠન અલ કાયદા સાથે છેડો ફાડીને ઈસ્લામિક સ્ટેટમાં સામેલ થઈ જતા મોટો ઘટનાક્રમ જોવા મળ્યો હતો. દક્ષિણ એશિયામાં આ ત્રાસાવાદી સંગઠનના લોકો ઈસ્લામિક સ્ટેટમાં સામેલ થઈ ગયા હતા. ઈરાકમાં હાલમાં અમેરિકાએ આ સંગઠન ।સામે જ તેના હવાઈ હુમલા જારી રાખ્યા છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે તેની તાકાતને ખતમ કરવાની બાબત જરૂરી છે.



ટોકિયો ખાતે યોજાયેલી મીસ ઈન્ટરનેશનલ બ્યુટી પેજન્ટમાં મીસ ઈન્ડિયા જાતલેખા મલહોત્રાએ પારંપરિક વસ્ત્રોનું પ્રદર્શન કર્યું હતું.

## સમાચાર ઝલક

- કઠોળના ભાવો આસમાને તમામ કઠોળ મોંઘા.
- કોલસાની આંતરિક હેરાફેરી કરારથી ગુજરાતને રૂ. ૪૦૦ કરોડનો ફાયદો થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નિર્ણય શકિતનું કારણ.
- પાકિસ્તાનમાં બસ ટ્રક વચ્ચે અથડામણમાં ૫૭નાં મોત.
- હવે નેપાળમાં ભારતીય ચલણ વાપરી શકાશે. ટુંકમાં જાહેરાત.
- શતાબ્દી ટ્રેન તૂટેલા પૈડા સાથે ૧૧૦ કિલોમીટરની ઝડપે આઠેક કિલોમીટર ચાલી.
- સરકાર નાના જવેલર્સ-નિકાસકારોને સોનું પુરું પાડશે.
- ગાંધીધામમાં હીટ એન્ડ રનમાં ૩ નાં મોત.
- સંસદના શિયાળુ સત્રથી આર્થિક સુધારાની ગાડી દોડશે.
- ૧૦ કરોડના ખર્ચે લંડનના ટાવર બ્રીજ પર કાચનો પારદર્શક વોક-વે બન્યો.
- ૧૯૯૮ પછીના શિક્ષકોને ફાજલ નહીં કરાય કાયમી રક્ષણ મળ્યું-શિક્ષણ વિભાગનો નિર્ણય.
- મોબાઈલ યુગમાં ફરી લેન્ડલાઈન તરફ લોકો વળવા લાગ્યા.
- ફ્રેશ વકીલો સુપરીમમાં પ્રેકટિસ નહીં કરી શકે - સુપ્રિમ.
- આગામી સમય આઈ.ટી. ક્ષેત્ર માટે કપરોકાળ બનશે.
- સુરેન્દ્રનગર કચ્છમાં ભૂકંપના આંચકા.
- કુરીયર સામે ટપાલ વિભાગે એક્સપ્રેસ પાર્સલ સેવા શરૂ કરી.

## મદરેસા જેહાદ ફેલાવી રહ્યા નથી : અહેવાલમાં દાવો થયો

મુંબઈ, તા. ૧૨

કેન્દ્રીય ગૃહમંત્રાલયે આજે તેના અહેવાલમાં કહ્યું હતું કે, મદરેસાઓ ભારતમાં જેહાદી પ્રવૃત્તિ ફેલાવી રહ્યા નથી. મદરેસાની પ્રવૃત્તિ ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે અને તેની ગતિવિધિમાં ચકાસણી થઈ રહી છે ત્યારે ગૃહમંત્રાલયે કહ્યું છે કે, મદરેસા ભારતમાં જેહાદને ફેલાવી રહ્યા નથી. ગૃહ મંત્રાલયના આંતરિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, મોટાભાગના મદરેસા રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિમાં સામેલ નથી અથવા તો જેહાદી પ્રવૃત્તિને ફેલાવી રહ્યા નથી. જો કે, અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કેટલાક મદરેસા સરહદી વિસ્તારમાં ઓપરેટ થઈ રહ્યા છે. આસામ અને બંગાળના સરહદી વિસ્તારોમાં મદરેસાઓ સક્રિય થયેલા છે. ભારત વિરોધી પ્રવૃત્તિમાં તેમની સંડોવણીને લઈને અહેવાલ આવી રહ્યા છે. ભારત વિરોધી પ્રવૃત્તિમાં જેહાદી ગતિવિધિને લઈને હંમેશા હોબાળો રહ્યો છે. ભારતીય મદરેસાના શિક્ષકો જેહાદી ગતિવિધિમાં સામેલ રહ્યા નથી. દેવબંધી, અલહદીસ, જમાત અને બારેલવી સ્કૂલો સાથે જોડાયેલા મદરેસાઓમાં તપાસના આધાર પર આ બાબત સપાટી ઉપર આવી છે. મદરેસાની ગતિવિધિ ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં પ્રવૃત્તિ હાલમાં જ સપાટી ઉપર આવી છે. બર્ધવાન બોંબ બ્લાસ્ટ બાદ ઉંડી તપાસ ચાલી રહી છે. આ સમગ્ર કેસમાં એનઆઈએ દ્વારા કરવામાં આવેલી તપાસથી સાબિતી મળી છે કે, સરહદી વિસ્તારમાં આતંકવાદી ગતિવિધિ ચાલી રહી છે. કેટલાક મદરેસાઓ જેહાદી પ્રવૃત્તિમાં સામેલ છે.

## રજનીકાંતની ફિલ્મની રજૂઆત રોકવા માંગ

મદુરાઈ, તા. ૧૨

મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેંચમાં એક રિટ અરજી દાખલ કરવામાં આવી ચુકી છે જેમાં સુપર સ્ટાર અભિનેતા રજનીકાંતની ફિલ્મ લિંગાની રજૂઆત ઉપર સ્ટે મુકવાની માંગ કરવામાં આવી છે. તેમની અરજીમાં ફિલ્મ નિર્માતા રવિ રથિનમે આક્ષેપ કર્યો છે કે, લિંગા ફિલ્મની પટકથા વર્ષ ૨૦૧૩માં રજૂ થયેલી તેમની ફિલ્મ મુલ્લાઈવનમ જેવી જ છે. જેથી અરજીદાર રજનીકાંતની ફિલ્મની રજૂઆતને રોકવાની માંગ કરી રહ્યા છે. કેએસ રવિકુમાર દ્વારા નિર્દેશિત લિંગા ફિલ્મ ૧૨મી ડિસેમ્બરના દિવસે દેશભરમાં રજૂ કરવામાં આવનાર છે.

## સુનંદા પ્રકરણમાં મોબાઇલ, લેપટોપની ફોરેન્સિક તપાસ

નવી દિલ્હી,તા. ૧૨

દિલ્હી પોલીસે કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશી થરુરના પત્નિ સુનંદા પુષ્કરના રહસ્મય સંજોગોમાં મોતના કારણને જાણવા તમામ પ્રયાસો કરી રહી છે. જેના ભાગરૂપે હવે સુનંદાના મોબાઈલ અને લેબ ટોપની ચકાસણી કરવામાં આવી રહી છે. પોલીસ ગુજરાતમાં ગાંધીનગર ખાતે સીએફએસએલ ખાતે ફોરેન્સિક તપાસ માટે મોબાઈલ ફોન અને લેપ ટોપ મોકલી દીધા છે. પોલીસે કહ્યુંછે કે તમામ મામલામાં ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. ટોચના અધિકારીઓ કહી રહ્યા છે કે કેટલીક નવી વિગત ખુલી શકે છે.

પોલીસ પણ તપાસ કરી રહી છે. સુનંદા પુષ્કર ૧૭મી ।જાન્યુઆરીના રાત્રે દક્ષિણ દિલ્હીમાં ફાઈવ સ્ટાર ખાતે મૃત હાલતમાં મળી આવી હતી.દિલ્હી પોલીસ સમગ્ર મામલામાં ખાસ તપાસ ટીમની રચના કરી ચુકી છે. સુનંદા મામલે દરરોજ નવી વિગત ખુલી રહી છે. સુનંદાના મોતના કારણે રાજકીય વર્તુળોમાં પણ ભારે સનસનાટી મચી ગઈ હતી. વરિષ્ઠ નેતા શશી થરુરનો મામલો છે. દિલ્હીમાં ફાઈવ સ્ટાર હોટલમાં સુનંદાનો મૃતદેહ મળી આવ્યો ત્યારે જે પ્રકારની સ્થિતિ હતી તે સાથે કોઈ કનેક્શન છે કે કેમ, તેવા પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. ટોચના પોલીસ અધિકારીઓનો દાવો છે કે, આ કેસને ઉકેલવાની નજીક પહોંચી ગયા છે. ૧૯મી ઓક્ટોબર ૨૦૧૪ના દિવસે એવું જાણવા મળ્યું હતું કે, સુનંદાના અંતિમ રિપોર્ટમાં ઝેર હોવાનું જાણવા મળ્યું હતું. વિસકેરા રિપોર્ટ એમ્સના તબીબો દ્વારા દિલ્હી પોલીસને સોંપવામાં આવ્યા બાદ આ કેસમાં નવો વળાંક આવ્યો હતો. ત્રણ સભ્યોની ટીમે પોલીસને મેડિકલ બોર્ડ અભિપ્રાય આપ્યો હતો. સુનંદાના રિપોર્ટ મામલામાં ઉંડી તપાસનો દોર ચાલી રહ્યો છે. એવું પણ જાણવા મળ્યું છે કે, તેના મોતને કુદરતી દર્શાવવા માટે દબાણ લાવવામાં આવ્યું હતું. ૧૭મી જાન્યુઆરીની રાત્રે દક્ષિણ દિલ્હીમાં ફાઈવ સ્ટાર હોટલમાં સુનંદાનો મૃતદેહ મળી આવ્યો હતો. થરુર સાથે પાકિસ્તાનની પત્રકારના સંબંધને લઈને બોલાચાલી થઈ હતી.